ભર્તૃહરી

નાટકનાં ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.

રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૮ મી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૭૬. સને ૧૯૨૦.

શ્રી ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ

છાપી. ખાડીઆ—અમદાવાદ.

કિંમત રૂ. ૦-૨-૦.

ભર્તૃહરિ નાટકનાં ગાયનો.

પ્રભુ પ્રાર્થના.

સુત્રધાર (રાગ બિમપલાસ)

સ્મરણ હર હર શશિધર ચંદ્રશેખર,
અઘહર હર દુખ તાપ હે મહેશ્વર. સ્મરણ. ૧
આ શું સંતોષ સતિ પતિ કતી અકળ ઇશ્વર;
પ્રણુતપાળ દીનદયાળ ત્રંબકેશ્વર. સ્મરણ. ૨
વિષધર મલકંઠમાળ શુળ સુંદર,
નગજાતી હારી ભસ્મ ધારી સકળ સુખકર. સ્મરણ. ૩
અનુપમ રૂપ અખીલ યોગી ભવભય હર,
દાસ ત્રાસ નાશ કરોએ ગંગાધર.
જય જયહર ભર અખુટ કોષ શંકર. સ્મરણ. ૪

સોમદત્ત—(મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી)

જય જય યોગીની જગદાધાર વ્હાર કરો મ્હારી,
દુખ દારીદ્ર હર સઉ દુર દયા દીલ ધારી.
તુજ બીરદ વિચારી માત મનેચ્છા પુરો,
મમ રોગ શોક સંતાપ પાયદળ ચુરો.
તુજ ભજનં થકી પણ જો ભાવટ નહિ ભાગે,

તો ક્યાં જઈ સુખી થવું કહો હે મહા ભાગ્યે.
કરી માયા હવે તવક્ષેત્ર શું સેવક જાણી,
થાઓ પ્રસન્ન હરસીધ માત પ્રેમ ઉર આણી.

હરસીધમાત— (અલખ જગાકે દ્વાર ખડાહે જોગી)

કર ન ફીકર જરી મનમા હવેથી,
લે તુ અમરફળ તું સુખેથી. કર.
અમર થઇશ તું આ ફળ ખાધે,
હર દુખ હર ભજી રોજ જીભેથી. કર.

સોમદત્ત—(મનમાં) (અવર મદન અલબેલા)

અમર થઇ શું કરવું આ ફળ ખાઇ અમર,
ભોગવી ભુખ મારો દુખ દોહાગ,
જીવ્યાથી તો ભલુ મરવું. આ ફળ૦
સુખ સંપતી વૈભવતર હોય તો,
સફળ આ ફળ ખાઈ કરવું. આ ફળ૦
માટે જઈ ભર્તુહરી ભુપ આગળ,
ફળ નજરાણામાં ધરવું. આ ફળ૦
પ્રાપ્ત થશે ધન યશ સુખ તેથી,
એજ મતે અનુસરવું. આ ફળ૦

પીંગળા— ગીતી.

સુણુ દાસી તું મ્હારી, કર તૈયારી પુજન કરવાની;
શિવસુતને આરાધી, ટાળુ ઉપાધી ઝટ મુજ મનડાની.

પીંગળા— ગીતી.

કેમ મનનો માન્યો નાથ હજુ નાવ્યો;
શું કોઇ કામણગારી રામાએ ભરમાવ્યો;

કરે શું રે સખી તેવિણ દુખી જીવન લખી સુખી હું થવાની.
ઝટ જા તું તેડી લાવ લાલ પ્યારી.

દાસી (શું કામ તણી બલિહારી.)

આશ લગની શું એથી લાગી,
છે એ અધમ જ મુરખ અભાગી.
છે ગમાર ખાસદાર જાણે શું એ પ્યાર સાર બાઈ.

સાખી.

અડયા થકી અભડાઇએ સોબતથી સત જાય,
ધર્મ નીતિ કુળ રીતિ ને પુન્ય નિકંદન થાય. બાઈ.
માળવપતિ મોટી માનીલો વિદ્યા ગુણ ભંડાર,
તે તુમ આધિન છે સદા છતાં ચાહો વ્યભિચાર. બાઈ.

પિંગળા— (શ્રી જગતપતિ)

ચુપ બોલ નહી નાદાન છોકરી,
તાબેદાર થઇ શું મ્હારી સામે ઉચરી. ચુપ૦
જેના સાથે મનડું માન્યું તેજ ખરો દીલદાર;
હોય ભુપ પણ મન નવ માન્યું તો કરવો તુચ્છકાર. ચુપ૦
છે ગમાર પણ યાર ખરો છે કામ શાંત કરનાર,
કાળજડાની કોર ગણું કે હૈયા કેરો હાર. ચુપ૦

સોમદત્ત— (પ્રિય પ્રેમ ઝરણ ભરણ)

જય થાઓ સદા આપનો સમસ્ત કામમાં,
સુકીર્તિ તેજ વીસ્તરો દિગંત ઠામમાં. જય૦
પ્રતાપ પોઢતો અખંડ અવનીમાં રહો,
ત્રય તાપ પાપ શત્રુ રોગ લહનિમાં કહો. જય૦
જીભ્યાએ સરસ્વતી વસો શ્રી કોષમાં સદા;
દીજ ધૈર્ય ધર્મ સત કેરી ટાળો આપદા. જય૦

આરોગી અમરફળ પ્રભુ આજે અમર થઇ સદા,
અહો પરમ ધર્મ નેક ટેક ફરજ કરો અદા. જય૦

ભરથરી— (તુજ દેહ કૃતાર્થ)

મુજ જન્મ કૃતાર્થ આ થયો,
દેવીનો પ્રસાદ ભુમી દેવના હસ્તથી પામ્યો,
જરા રોગ હવે દુર ગયો,
આભારી છું આપનો હું બહુ શું મુખેથી કહું.
હુકમ આધિન શું હું કહો તે પ્રમાણે હોઉં,
ગામ ધામ ધન જાગીર કે અન્ય વસ્તુ જોઇએ તે
ફરમાવો ઝટ બડભાગી થયો. મુજ૦

ભરથરી— આર્યા.

પ્રાણ પ્રિયા વીણ ફળ આ ખાઇ અમર થઇ શું જગમાં,
થાય અમર જો પ્યારી તો મમ જીવીત ધન્ય ખરે જગમાં.

પીંગળા આતે શું સ્વપ્ન કે

પ્યારા પ્રાણ આધાર છો યાર મારા.
હઇઆ કેરા હાર છો, યાર મારા.
સાચા દીલદાર છો, યાર મારા.
તુમ વિણ તુચ્છ ગણુ જગ વાલ્હા,
મમ યોવનના શણગાર છો, યાર મારા.

સાખી—બાણુલાખ માળવપતિ રહે સદા આધિન.
તદાપી તજી તેને ખરે થઇ તુમ આલીન,
પ્રીતીની રીતી અજબ છે સ્વામી,
પુર્વ પુન્યથી તમને હું પામી,
ભોગી ભ્રમર ભરથાર છો. યાર મારા.

અશ૦— (લાવણી.)

તું આશક મેં માશુક જાની ફીદા હુવા મુજપર પ્યારી,
ચેન પડે નહી મુજકું અબતો લગન લગી હૈ મતવારી;
મોજ મજાહ ઉડાવો અમન ચમન મશગુલ હોકે,
ગયા વખત ફીર હાથ ન આવે કહુ સચ્ચ ન વડો ચાખે,
શરાબકી પ્યાલી ભર વ્હાલી પીઓ પીલાવ મેરી જાન,
જુદાઇ જાનો ન જાની અબતો મેં તો તેરે પર હું કુરબાન.

પીંગળા— (થયા છોરે પતી તેજ પ્યારી તનના.)

પ્યારા છોરે તમે પ્રાણથી પ્યારા, મારા નાથ રસીલા છેલા,
તન મન ધન અર્પણ કરી તમને, બની દાસી ખાશી હા.
તુમ સંગે, ઉમંગે, રહુ રંગે, અંગો અંગ ભેટી પડી
કરૂ પ્રીય સફળ રામ જીવન અલબેલા. પ્યારા૦
સુખ વૈભવ આ રાજ્યપાટ સહુ, તમ વિણ દુખ નિદાન;
મન માંહે, દુઃખ થાયે, ન સોહે, જીવ જાએ;
પણ પરવશ જરી છું મમ પ્રિય અરે પ્રેમ ઘેલા. પ્યારા૦

ભરથરી— (પ્યારા મન મળવાને વ્યાકુળ થાયે.)

વ્હાલા સમ વિણ મમ મન અકળાય.
પ્રેમ બાણ મારી કીધો, કારીધા અસત્ય ભારી દુઃખ ન ખમાય,
જીવ ગભરાય જાય, મહારાજ કરો સહાય,
મમનાથ ગ્રહી હાથ, રહી સાથ, બીડી બાથ, પ્રીય પ્રીતમ.

ભરથરી— (બરસાદે રામ પાની.)

હો રંગ રસની ભીની પ્યારી તું વાત શ્રવણ કર મ્હારીરે. રંગ૦
તુજ સુરત કેતકી પર ઘેલો ભમર હું છું પ્રીયકારીરે. રંગ૦
કાયાથી છાયા જુદી શું પડશે જોજો રસીલી વિચારીરે. રંગ૦
મનતો ચાહે છે અહીં અહનીંશ વસવા, માનુની મોહનગારી. રંગ૦

પણ શું કરૂં હું રાજ્ય પાશમાં ફસાયો છું કુમારીરે,
અન્ય જુદાઇ ન જાણો ચતુરા સત્ય કહુંછું પ્રાણ પ્યારીરે.

પીંગળા— (નિર્બળ શત્રુ સબળ રાજ્યપર)

અરે અલૌકિક ફળ આ આજે, ક્યાં મળ્યું મારા સ્વામી,
જોતાં દિલ થાત શાંત રસીલા પૂર્વ પુન્ય વડે,
સાચે સાચુ કહો પ્યારા મારા આજે મનેરે,
દેવ કે મનુષ્ય થયું આપ્રાસન કરેથી શું શુ બનેરે.

ભરથરી— (ડરમાં તું દીલ સાથ.)

પ્રેમની ક્યારી, પ્રાણથી પ્યારી. પ્રાસન કર તું એ વર ફળ પ્રીતે,
અમર થઇ સુખ આપો સુરીને તેથી સકળ પરિતાપજ વીતે;
પ્રીયે સાચો દિપાવીશું સ્નેહ સાચેથી.

પીંગળા— ગીતી.

પ્રાસન કરીશ પ્રભાતે, પુજન કરીને પ્રેમ સહીત પ્યારા;
પણ પ્રભુ પ્રેમી હવેથી, રહો નહી તમે નિમિષ એક ન્યારા.

વીક્રમ— (ગઇ ઓરમ થયું,)

વદુ વચન શું વહાલા ભાઇ, છે સમાચાર દુખદાઇ;
વધી શુન્ય વિષે લુચ્ચાઇ. નથી ન્યાય તણી સાચાઇ.
ઠગ ચોરે જુલમ ગુજારી, પાખંડી પાપી વ્યભિચારી,
છળ દુષ્ટ કર્મ કરે ભારી, વધ્યું અંતર વરતે છે ઝેર;
વૈરને ઝેર, અનીતિ છવાઇ. વદુ૦
જે રાજ્યકાજ અધિકારી, લ્યે રૂસવત નીતિ વિચારી;
તેથી પ્રજા પીડાએ ભારી, માટે મહારાજ, કરો ઝટ સ્હાય,
પ્રજા સુખી થાય, તોજ સુખદાઇ. વદુ૦

ભરથરી— (નાથ નવ કરો.)

બંધુ મહારા પીડ પ્રજાનીરે
સુણી સંતાપ, થયો છેરે અમાપ, તે પરિતાપ

ઝટ કાપ, આજ્ઞા આપું સુજ્ઞાની
લેવી ઘટે સલાહ જો કદાચ મ્હારીરે.
તો હવેથી, હ્યે સુખેથી, કહું મુખેથી; કર તુ તેથી
કાર્ય નીજનું જાણીરે. બંધુ.

પીંગળા— (ગોવનમદમાં લચકેલી)

સખી નાવ્યા લાલ હજુ કેમ ન મ્હારા છબીલા,
થઈ ડાહ્યા શું રીસાયા તજી દયા કેમ માયા વિસારી મુજને
શાથી વહાલે છબીલી. સખી.

સખી—ધીરજ ધરો નહીં અકળાએ રસવેલી.
અલબેલા છે રસઘેલો છકેલા આવશે હમણાં કલપાંત કરે શું ઘેલી.

પીંગળા— ઓ અલબેલા આવો આવો

ઓ રંગ ભીના પધારો પધારો પધારોને રાજ,
જંખુછું જંખુછું જંખુછું જંખુછું આપનું નામ. ઓ૦
વહાલાના નાથનું ધ્યાન ધરૂ ગુણ ગાન કરૂં;
જોઉં વાટડી જાની ખાવું કે ન્હાવું કે પીવું કે,
સુવું કે વાત ન ગોઠે રહેવાની રટુ એક નાથ તજી સહુકોય
રૂદે ના રામ વદુ સત્ય વાણી કામણગારા રહો ન ન્યારા,
પળ જુગ જેવી જાય વારી જાઉં છબીલા આ. ઓ૦

પીંગળા— જોજોને ઘેલો કુમાર.

શીરતાજ મારા પ્યારા આરોગો આ ફળ આપ.
આ ફળ ખાય તે અમરજ થાય છે,
વાધે પમળ પ્રતાપ.
રોજ રોજ આપણે માણીશું રંગે,
ટાળીશું મનના સહુ તાપ.

જીવીત ધન્ય મુજ આપ જીવનથી,
નહી તો પરીતાપ અમાપ. શીરતાજ૦

અશ્વપાળ— [આવો આવો અલબેલા છેલા આ ઘડી]
જીવો જીવો જીવો મેરી મેરી જાન તુ,
બદલ્યાઇ અરમાન દીલોજાન તું,
દીલબર માશુક તુને કયા શાબાશ હે;
મોબત માયાના જાના સાબાશ હે,
ફલ સુખે ખાઉંગા પ્યારી અમર હોઉંગા મતવારી,
ન્હાતી હે મુજ ભરોસાથી ભારી. જીવો૦

પિંગળા— ગરહમને દીલ સમનકું દીયા
શું સતાવે છે વિક્રમ તમને ઠીક ઘડું તેનો ઘાટ.
રાજ પાટ હાકથી છોડાવું તમ માટ,
દેશવટો દેવડાવું કાલે તો ખરી ખાત્રી સુતાજ;
સાપકેરા રાફમાં કર નાખ્યે થાય અકાજ,
માળવ પતિ ઇર્ષ્યા કરે તુમ પર તો તેને કરૂં ઠાર,
તો વિક્રમો શું વિસાદમાં કહો મારા સરદાર.

અશ્વપાળ— (બીહાગ ગજલ)
યહ ફળ દેઉં મેરી આસનાકુ તો ખુબ મજાહ પડે,
હોગી અમર તો યહ બંદેકે કયા બહાર ઉડે.
એશઆરામ હુસનુમાસે લેઈ દો મઝે અચ્છી,
ખુદા શુકર કરેજો મોહ બાત હે સચ્ચી. યહ૦

સુણિકા— [મારો પાવન કરીયો પલંગ]
મહારા શોખીલા રંગીલા લાલ, મોજીલાજી મન ગમતા છો,
દીશો આજ આનંદમાં છેલ. મોજી.

કહો કોડીલા કંથજી, રંગ રસીલી વાત;
શું લાવ્યા ? સંતાડીને, કહો ક્યાં વસીયા રાત. મોજી.

અશ્વપાળ— [જગ ભરનેકે જાત જમનાકે]

લાયા અમરફળ અયે અલબેલી તારીફ ઉનકી ક્યા કરોરે,
ખાવે અમરફળ અમર હો જાવે અલાબલા સબ જાય પરેરે. લાયા.
અમર હોજાતો મંયે ખાકે મગર મેરે તેરેબીન ક્યાકામ સરેરે,
ઇસ લીયે તું ખા દીલોજાની મોનત મેરી આવેગી મજાંરેરે. લાયા.

ગુણિકા— [ત્રીતાલી ચોપાઇ]

વાહ વાહ જાની જીગર છે સાબાશ,
કરવા અમર કરીયો પ્રવાસ.
હું આભારી અતીશે તમારી,
વાર વાર જાઉં બલીહારી.
આજ્ઞા આપની માથે ચડાવી.
આશન કરીશ પ્રભાતે નહાવી.

ગુણિકા— (રાગ સીતાજીના મહીનાનો)

કીધાં પૂર્વે પાપ અમાપ, જેથી વેશ્યા થઇ ખરી;
કરી દુષ્ટ કર્મ અનાચાર, છળથી ધરધન હરી. કીધાં.
એવો અધમાધમ અવતાર, છતાં ફળ ખાઇને;
થવા અમર ચાહે કોણ, આપ મુરખ મલકાઇને. કીધાં
જે છે ગોબ્રાહ્મણ પ્રતિપાળ, માળવપતિ ગુણ નીલો;
થવા અમર યોગ એ રાય, રસીક રસ રંગીલો કીધાં.
કરૂ ભેટ આ ફળ નેટ, થશે કામ તે થકી;
ધન ઇજ્જતને સાબાશી, મને મળશે નકી. કીધાં.

ભરથરી મલપતિ તલપતિ.

લટકતી મટકતી ગજગતીરે, રતીભાર નથી તુજ સમી રતીસતી.

અંગેઅંગ મોહની છે મોહક રસીલી,
હરખતી અનુપ છે મુખાકૃતિરે રચી,
મંદ મંદ હાસ્ય મધુર વચન મન વેધક;
પ્રીતીપાત્ર પ્રેમી નજરે નિરખતીરે. રતી.
ચેટકવડે ચોર્યું ચિત્ત મહારૂં તેંતો ચતુરા;
થઇ રહ્યા આધિન માળવા પતીરે.
ત્રયશત સાઠ સ્ત્રીઓ તજી તુજ સાથે,
અહનીશ રંગે રમું છું રતિરે. રતી.
ખાનપાન ગાન તાન ધ્યાન ગોઠે નહિ.
લાગી છે અખંડ તુજ વિષે વૃત્તિરે. રતી.
અનંગ રંગ રમા સંગ રમીઓ નીજ નાર,
વ્યર્થ ખોયો જન્મ પામ્યો અવગતિરે. રતી.

પિંગળા— મોહી રહ્યા છું મંદહાસ્યમાં.

ચરણકમળ ચીત ચહાવું છું, રસિલા પ્યારા ચરણ.
તન મન ધન જીવન કર્યું અર્પણ,
અહરનીશ રાજ ગુણ ગાઉ છું. રસિલા.
પ્યારા પ્રાણના મેમાન બની ઘેલી,
વદન નિરખી મગન થાઉં છું. રસિલા.
જરી આપનો જો વિયોગ થાય વ્હાલા.
તો હું અધીક અકળાઉં છું રસિલા.
શ્યામ સલુણા કશી કમી નહિ મારે,
રસીક રાજ પ્રેમથી રીસાઉં છું. રસિલા.

ભરથરી— ગીત.

ચીંતા કર નહીં ચતુરા, બંધુ તુજપર દેશી રીતેથી;
દેશવટો દેઉં આજે, સત્ય માની તું દે ચુંબન સ્નેહથી.

વિક્રમ— [પડયો છું વીખુટો પ્રિયા.]

પ્રિય ભ્રાતા મારા આજ શું વદો મુખેથી આપ,
ભરમાવ્યા કોઇ ભામટે કે વામા વિધિની છાપ.
વર્ત્યો નીરંતર નીતિથી કરી ને અનીતિથી કાંઇ,
છતાં શું વદો વેણુ આ સુણી ઉપજે પરીતાપ.
કોઇ દુષ્ટે ખોટો ઠસાવ્યો હોયજો હેમ અધિક,
કરીએ સત્ય તપાસ નહીતો થાયે પશ્ચાતાપ.

ભરથરી—ને ક્ષત્રી કલંક

બસ બસ બોલ ન તું એકે વેણુ, જાણુંછું ચતુરાઇ તારીરે.
પરખ્યાં તારાં કપટી કુડાં કહેણુ, જાણું છું ચતુરાઇ તારીરે.
સોપ્યું સર્વ રાજ્યનું કામ. જા. તુ થયો અતિ નિમકહરામ જાણું.
જે માતુ સમાન મુજ નાર જા. કરી તેપર કુદ્રષ્ટી છે ધિક્કાર. જાણું.
બુદ્ધિફળ સમ તુજ કૃતિ ખાસ. જા. જોઇ અધીક થયો છું ઉદાસ જા.
કર કાળુ તારૂં મુખ તો અદીઠ. જા. પાપી કર્યું સહુ કામ અનીષ્ટ. જા.
હોત અન્યનો લેત તુરત પ્રાણુ. જા. જાતિબંધુ જતો કર્યો સત્ય જાણુ. જા.

વિક્રમ— વૈદરભી વનમાં વલવવે.

અસત્ય વાત છે ભ્રાત એ, જોણો આપ જરૂર કુટી,
કદી સ્વપ્નમાં આણો શકા ન ઉર કાર્ય વીચારી કરો પ્રભુ.
નારી નેહ સત્ય સમજીને, તજો બધુને આપ;
પણુ પાછળ પસ્તાવો થશે, જાણુશે કપટ પ્રતાપ.

વિક્રમ— ક્ષત્રી જાયો નહિ દે ગુમાવી

નારી પ્યાર માંહે થશો ખુવાર બહુ બંધુ મારા,

ભરથરી—જારેજા ગમાર ભમે શીર કાળ સઠ દુર હઠ થશો,
શાલે અપમાન અતિ ખરે ખર થશે બુરી વાત હશે ભાવી.

ભરથરી—ઠીક છે.

વિક્રમ—જો જો ખુવાર.

ગુણીકા— પ્રેમ વચન શરથી મન વીધી
રહો અમર રાજ મહારાજ સદા,
વધો પ્રૌઢ પ્રતાપ દિંગત સુધીરે;
બળ છળ બળ થાઓ અચીતજ ખંડન,
વેગે વરો સર્વ નીધિરીધિ સીધીરે.
સંપ સુયશ સુખસંપન્ન નિત્યે, પામો વિધિપ્રભુગુણ સુબુદ્ધિરે. રહો.

ભરથરી— હા થયા શા હાલ મારા
અરે અમરફળ ગુણકા કને આવ્યું શી પરે,
આશન કર્યું જે પત્નીએ ખરી પ્રતિજ્ઞા ખરે.
પ્યારી મારા સોગન તો ખાયે નહીં વૃથા.
તેમ નથી આ અન્ય અમરફળ જાણવું સર્વથા.
હશે પ્રપંચ શું આ રચનામાં જા જીવું તે જરૂર,
સત્યાસત્ય તપાસીને કરૂ ચિંતા સઉ દુર

ભરથરી— આ શો કોપ મુજ ઉપર
છે ધીટકાર ઓ ધુતારીનાર તજ્યો વિશ્વસેન બધું ધિક્કારી છે,
જીવ જીવન ગણી સર્વસ્વ મેં તો બાંધ્યો પુરણ પ્યાર.
થઇ આધિન રહ્યો હું નીરંતર કર્યો વ્યભિચાર,
નીચ નીરગુણી યાર સંગાથે લીન થઇ ઠગ્યો નાથ.
ભ્રાત વચન નવ માન્યું મેં તેથી થયો ખરેજ અનાથ,
ભ્રાત વિક્રમ તુજ હીત વચને આવે યાદ આ વાર;
હાય હાય નિર્દોષને દુઃખ દેઇ પ્રભુનો બન્યો ગુનેગાર,

ભરથરી— દેખી તેરી વફાદારી
કરો કદી ન વિશ્વાસજ સ્ત્રીનો છે એ કુડકપટનો ખજાનો. કરો૦
એકને મુખથી મીષ્ટ વચન કહી ખુબ રીઝાવે ભાવે.

આંખ ઇસારો વળી બતાવે અન્યને,
મનમાં અવરને કહાવે વાત ગજ બનીએ.
મુખમાં અનંત મનમાં અતિ વિષ ભર્યું છે મારા ભાઇ,
સુખમયી સમજી તેના ભમે ભુલ્યો છું એ જગતાત. કરો૦
વીષયાલંપટ પામી બન્યો હું પાવન થવા કાજે,
જગત નિયંતા શરણુ ગ્રહ તુજ સત્ય ભાવથી આજે. કરો૦

ભરથરી— (ભેખરે ઉતારો રાજા ભરથરી)

નારી નરકની ખાણુ છે, નારી દુખ ભંડારજી,
કપટ કુડની છે મંજુષા, નથી નારીમાં જરી સારજી,
ભામની ભરોસે કોઇ ન ભુલશો.
સસ વ્યસનની નીશાળ એ, અબળા સબળા ખાસજી,
નેમ પ્રેમ સૌ પ્રપંચના, જુઠા છે વચન વિલાસજી. ભામની.
દુખપ્રદ સ્રીને સમજીને, તજી રટશે જે રામજી,
તે નર સુખી જગમાં સદા સફળ થશે સહુ કામજી. ભામની.

પિંગળા— દાઝ ઉઠી છે દુ:ખની દીલમાં

શું કરૂ હવે શાણી સાહેલી, નાથ ગ્રહે શી રીતે હવે. શું.
બની કામાંધ કુકર્મો કર્યાં બહુ, સત્ય સુનીતિ શિયળ તજી સહુ
કર્મતણી કથની શું હું કહું હવે મમ જીવ અતિ દહે. શું.
પાપ પ્રપંચ કરી નીત પતિને, છેતરી પોષી પાપીને,
નષ્ટ કરી નીજ ગતિ આપ મતિ, હાય કરૂં છું હું હવે. શું.

ભરથરી— (પૂર્ણ થયો છે ખેલ)

અખીલ નિરંજન ઇશ ભજું હવે,
પતિત પાવન અધમ ઉધારણુ, જગપાલક જગદીશ,
સ્વપ્ન સમાન જુઠી જગમાયા, જાણી વિશ્વાધીશ.
યોગી વેષ ધરી ગીરી વનમાં, વશી રટું પ્રભુ અહરનીશ,

જોગીઓ—અહાલેક જાગે ગુરૂજી,

ભરથરી—કીસીકા બેટા કીસીકી બહેની અહા,

રાજપાટ તજી ઠાઠ જગતકે, રામચરણ ચિત્ત લાગા,

હરીહર સ્મરણ નીરંતર કરકે, હોઉ પરમ સુભાગા.

આશા અવર ન કોઇ ગાઞ, સુજકું સીરફ મુક્તિકી આશા,

દઇ દીક્ષા શિક્ષા સતગુરૂજી, બનાદો હરિકો દાશા. ગુરૂજી.

દાસી— [અરે લાલદેવ હંસ તરફ જલ્દ આ]

બની યોગી આવ્યા બાઇ ભુપતિ, ઉભા દ્વારમાં માગે ભિક્ષા સતિ,

ગળામાં છે શેલી શીંગી પ્રિયનાથ, કાને મુદ્રા ધારી છે ખપ્પર હાથ.

માતા કહી માગેન ભિક્ષા ખરે, અહો થયું આ શું અનિષ્ટ અરે.

પિંગળા— [મેનાવતી માતા નીર ભર્યોરે]

પ્રીય પ્રાણ પ્રીતમજી ભેખ તજી દો કંથરે કરી,

થઈ વિહવલ હું કામાવેશથી કર્યું કુકર્મ અગાધ,

કૃપાપાત્ર થઇ આપ દાશીનો માફ કરો અપરાધરે. પ્રીય

હવે ચુક નહિ પડશે કદિએ, કહું સત્ય કરજોડ,

નાર દયા કરી ભેખ પરહરી, પુરો મનના કોડ. પ્રીય.

ભરથરી— [રાગ સદર]

મેરી મૈયા જલ્દી ભિક્ષા દેનેરે સત્ય ધર્મકી.

એશ આરામ કર ઇસ્કબાજી, સબ છોડયા સંસાર;
રાગી નહીં મેં હુવા વેરાગી, ક્રોધ માન મદ મારરે. મેરી.

તું નહી મેરી. મેં નહી તેરા, સત્ય સમજ તુ મૈયા.
વિષયવાસના વ્યર્થ હે સબ; યે, સત્ય હે સમ રૂપૈયારે. મેરી.

રામ નામ રટ રસનાસે, તું હોગા બેડા પાર,
ભીક્ષા ધર્મકી મૈયા દે દે, અબ ન ઓર અધીકારરે. મેરી.

પિંગળા— [પ્રાણનાથ પ્રાણનાથ પ્રાણનાથરે.]

અરર અનાથ કરી નાથ ક્યાં ગયા, વ્હાલી અતી હતી પણ રાખી ન દયા.
ઉજેણીને આપ્યોછે રંડાપો પ્રાણધાર તમવીના પ્યારા લાગે સુનો આસંસાર
અને કામ ક્રોધી કોટી છે ધિક્કાર; સુકાવી સત્યથી મને કીધી ગુન્હેગાર
પાવન થવાજ પાપી દેહને દમી, મુકિત સુખ પામું સેવી શંભુને સહી;

ભરથરી— [મત ડરરે ધર ધીરજ તું મનને.]

વૃષભધ્વજ ભજરે તજ આશ અવર મન મેરા; સબ જુઠ;
જગતકા સ્વપ્ના નહી કોઇ યહાં હૈ અપના, સતસંગ સજરે, તજ.
ધ્યાન નીરંજનકા ધરો, ભરો સુકૃત ભંડાર, તરો દુઃખદ;
આ ભવ દીધ, વરો મુકિત વરનાર, શીવ શીવ ભજરે. તજ.

સર્વપાત્રો— [નાથ કેસે ગજકો બંધ છોડાયો]

નાથ ભવ પાપથી પાર ઉતારો. દુઃખ જન્મ સમરણના વારો. નાથ૦
નથી જગમાં સુખ જરીએ ત્રાતા, સુત વીત નારી સંયોગે,
દુખદ પ્રપંચી એ માયા થઇ છે, છે સુખ તેના વિયોગે. નાથ૦
માળવપતિનું વૃતાંત વિલોકી,
સાર ગ્રહો નર નારી સતમાર્ગે વિચરો હે વીવેકી
ભ્રમ જડ માયા વીસારો નાથ૦
શીવ આરાધન સમ સુખ સાધન. અન્ય નથી પ્રીય ભ્રાત,
માટે ભજો સહુ ભવદધી તારણ, સુખદાતા ભવ ત્રાતા નાથ.

સમાપ્ત.